# તેરા તુજકો અર્પણ : ભાવનગર પોલીસે રૂ. ૧.૯૦ કરોડથી વધુનો મુદ્દામાલ મૂળ માલિકોને સોંપ્યો




## સાયબર ફ્રોડ, ચોરી અને છેતરપિંડીમાં રિકવર કરાયેલી રોકડ રકમ, સોના-ચાંદીના દાગીના, વાહનો અને મોબાઈલ ફોન પરત કરાયા

ભાવનગર,તા.૧

ભાવનગર શહેર ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક આર.આર. સિંઘાલના માર્ગદર્શન હેઠળ 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત ભાવનગર શહેર ડીવીઝન હેઠળ આવતા નિલમબાગ, ઘોઘા રોડ, ગંગાજળીયા, બોરતળાવ અને ભરતનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સાયબર ફ્રોડ, ચોરી, ગુમ કે ખોવાયેલા મોબાઈલ તથા છેતરપિંડીના ગુન્હાઓમાં પોલીસ તપાસ દરમિયાન કબ્જે કરાયેલો રૂ. ૧,૯૦,૩૯,૧૨૫/- ની કિંમતનો મુદ્દામાલ તેના મૂળ માલિકોને વિધિવત રીતે પરત કરવા માટે ભાવનગર તાલીમ કેન્દ્ર ખાતે કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે પોલીસ દ્વારા સાયબર ફ્રોડ, ચોરી તથા છેતરપિંડીના રૂ. ૭૬,૩૦,૩૨૨/- રોકડા, રૂ. ૪૩,૯૯,૯૮૪/- ની કિંમતના સોના-ચાંદીના દાગીના, રૂ. ૯,૫૬,૩૬૨/- ની કિંમતના ૪૪ નંગ મોબાઈલ, રૂ. ૮,૪૦,૦૦૦/- ની કિંમતના ૧૩ નંગ બાઈક તેમજ રોકડ, હીરા અને અન્ય કિંમતી વસ્તુઓ મળી રૂ. ૫૨,૧૨,૪૫૭/- નો મુદ્દામાલ મૂળ માલિકોને સોંપાયો હતો. પોલીસ સ્ટેશન વાઈઝ વિગત જોઈએ તો, નિલમબાગનો રૂ. ૫૧.૮૯ લાખ, ઘોઘા રોડનો રૂ. ૪૬.૦૧ લાખ, ગંગાજળીયાનો રૂ. ૪.૪૧ લાખ, બોરતળાવનો રૂ. ૭૪.૫૩ લાખ અને ભરતનગરનો રૂ. ૧૩.૫૩ લાખનો મુદ્દામાલ પરત કરાયો હતો. આ કાર્યક્રમમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### મહુવા ડીવીઝન પોલીસ દ્વારા 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ યોજાયો

## મહુવામાં સાયબર ફ્રોડ, છેતરપિંડીના ૧૯.૨૦ લાખથી વધુ રોકડા મૂળ માલિકોને પરત કરાયા

ભાવનગર,તા.૧

મહુવા પોલીસ દ્વારા 'તેરા તુજકો અર્પણ' અંતર્ગત મહુવા ડીવીઝન હેઠળ આવતા મહુવા ટાઉન, મહુવા ગ્રામ્ય, ખુંટવડા અને બગદાણા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સાયબર ફ્રોડ, ગુમ કે ખોવાયેલા મોબાઈલ તથા છેતરપિંડીના ગુન્હાઓમાં રિકવર કરાયેલો મુદ્દામાલ તેના મૂળ માલિકોને પરત સોંપવામાં આવ્યો હતો.

સાયબર ફ્રોડ અને છેતરપિંડીમાં રિકવર કરાયેલી રૂ. ૧૯,૨૦,૭૬૨/- ની રોકડ રકમ તથા રૂ. ૫૨,૦૦૦/- ની કિંમતના ૦૪ ચોરી થયેલા મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૧૯,૭૨,૭૬૨/- નો મુદ્દામાલ મૂળ માલિકોને વિધિવત રીતે પરત કરવામાં આવ્યો હતો. પોલીસ સ્ટેશન વાઈઝ રિકવરીની વિગતો જોઈએ તો, મહુવા ટાઉન પો.સ્ટે.નો રૂ. ૨,૩૮,૬૩૬/-, મહુવા ગ્રામ્ય પો.સ્ટે.નો રૂ. ૧૦,૮૩,૧૨૬/-, ખુંટવડા પો.સ્ટે.નો રૂ. ૬,૨૪,૦૦૦/- અને બગદાણા પો.સ્ટે.નો રૂ. ૨૭,૦૦૦/- નો મુદ્દામાલ મુળ માલિકોને પરત કરાયો હતો. આ પ્રસંગે પોલીસ અધિકારીઓ તેમજ મુદ્દામાલ પરત મેળવનાર અરજદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ઢસાના સંન્યાસ આશ્રમ ખાતે ગુરુપૂર્ણિમા મહોત્સવ સાથે રક્તદાન, દંતયજ્ઞ યોજાયો

## ૪૭૪ રક્તદાતાઓએ કર્યું રક્તદાન; મોટી સંખ્યામાં ભાવિકોએ ગુરુવંદના અને મહાપ્રસાદનો લાભ લીધો

ભાવનગર,તા.૧

સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ-ટીંબીના સ્વપ્નદ્રષ્ટા અને પ્રણેતા પૂજ્યપાદ સ્વામી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજ દ્વારા ઢસા મુકામે પ્રસ્થાપિત સંન્યાસ આશ્રમના સેવક સમુદાય દ્વારા ગુરુપૂર્ણિમા મહોત્સવની ઉજવણી સાથે ટીંબી હોસ્પિટલના દર્દીઓના લાભાર્થે આયોજિત રક્તદાન મહાશિબિર અને તદ્દન નિ:શુલ્ક દંતયજ્ઞ કેમ્પ યોજાયો હતો.

આ પ્રસંગે ગુરુ-વંદના અને ધૂન-સંકીર્તન સાથે ધર્મસભાનો શુભારંભ થયો હતો, જેમાં સ્વામી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજની પાવન પ્રતિમાની ષોડ્શોપચાર વેદોક્ત વિધિથી મહાપૂજા અને સમૂહ મહાઆરતી કરવામાં આવી હતી. ત્યારબાદ સ્વામી ભોલાનંદ સરસ્વતીજી મહારાજે વ્યાપક ગુરુતત્ત્વ, શિષ્યમાં ગુરુદેવના ચૈતન્યનું

રૂપાંતરણ, ગુરુદીક્ષા અને જીવનમાં સદ્ગુરુની આવશ્યકતા જેવા વિષયો પર અમૃતવાણી વડે શ્રોતાજનોને મંત્રમુગ્ધ કર્યા હતા. સભાના અંતે આઠ હજાર જેટલા ધર્મપ્રેમીઓ, મહેમાનો અને ગ્રામજનોએ ગુરુપૂર્ણિમાનો ભોજન મહાપ્રસાદ ગ્રહણ કર્યો હતો.

આ પ્રસંગે યોજાયેલ રક્તદાન મહાશિબિરમાં ૪૭૪ રક્તદાતાઓએ રક્તદાન કરી દર્દીનારાયણની સેવાનું જ્વલંત ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ ઉપરાંત દંતયજ્ઞ કેમ્પમાં ૫૭ દર્દીઓની જાલંધરબંધ યોગપદ્ધતિ અનુસાર દંત ચિકિત્સા કરવામાં આવી હતી. આ સમગ્ર મહોત્સવ દરમિયાન ઢસા ગામના મુસ્લિમ બિરાદરીના સ્વયંસેવક ભાઈઓ દ્વારા વાહન પાર્કિંગની ખૂબ જ સુંદર સેવાઓ પૂરી પાડી કોમી એકતાનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું હતું.

# નાસતા ફરતા આરોપી સામે જેસર કોર્ટ દ્વારા જાહેર નોટિસ ઈસ્યુ કરાઈ

## ફોજદારી કેસમાં સતત ગેરહાજર રહેતા બોટાદના તુરખા ગામના આરોપીને કોર્ટ સમક્ષ હાજર થવા આદેશ



ભાવનગર,તા.૧

જેસર કોર્ટ ખાતે નોંધાયેલા ફોજદારી કેસ નંબર ૩૫/૨૦૨૫ ના કામે આરોપી અજયભાઈ ઉર્ફે બોડીયો જેન્તીભાઈ ઝાપડીયા સામે અદાલતે આકરા વલણ સાથે જાહેર નોટિસ જારી કરી છે. આરોપી અજયભાઈ ઝાપડીયા (મૂળ રહે. તુરખા, તા.જી. બોટાદ, હાલ રહે. શ્રી રામ ચોકડી, બમ્બા ગેઈટ સામે, અમરોલી, સુરત) જેસર કોર્ટની કાર્યવાહી દરમિયાન સતત ગેરહાજર રહ્યો છે.

અદાલત દ્વારા તેની સામે અગાઉ ઈસ્યુ કરવામાં આવેલા ધરપકડ વોરંટના અમલથી બચવા માટે તે સંતાતો ફરી રહ્યો છે. જેથી કાયદાકીય પ્રક્રિયાના ભાગરૂપે જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, જેસર કોર્ટ તરફથી આરોપી વિરૂદ્ધ જાહેર નોટિસ બહાર પાડવામાં આવી છે અને તેને મુકરર સમયમાં જેસર અદાલત સમક્ષ રૂબરૂ હાજર થવા કડક નિર્દેશ આપવામાં આવ્યો છે.

# રેલ સલાહકાર સમિતિની બેઠકમાં યાત્રિક સુવિધાઓ અને વિકાસકામો પર થઈ ચર્ચા

## સભ્યોના પ્રશ્નો અને સૂચનો પર પ્રાથમિકતાના ધોરણે કાર્યવાહીની ખાતરી

ભાવનગર,તા.૧

રેલવે યાત્રિકોને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા તથા રેલ સેવાઓ સંબંધિત સૂચનો પર વિચાર-વિમર્શ કરવા માટે પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ ખાતે મંડળ રેલ ઉપભોક્તા સલાહકાર સમિતિ (ઢ્ઈંઝઝ) ની બેઠક શુક્રવાર, તા. ૩૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ મંડળ રેલ પ્રબંધક કચેરી, ભાવનગર ખાતે યોજાઈ હતી. બેઠકની શરૂઆત સમિતિના સચિવ તથા વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠીએ કરી હતી, જેમાં તેમણે તમામ સભ્યોનું સ્વાગત કરીને અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ ભાવનગર મંડળમાં વિકસિત થઈ રહેલા રેલવે સ્ટેશનોની પ્રગતિ, વિવિધ નિર્માણ કાર્યો તેમજ મુસાફરો માટે પ્રસ્તાવિત આધુનિક સુવિધાઓ અંગે વિગતવાર માહિતી આપી હતી. આ પ્રસંગે સમિતિના અધ્યક્ષ તથા મંડળ રેલ પ્રબંધક દિનેશ વર્માએ ભાવનગર મંડળમાં અમલમાં રહેલી વિવિધ વિકાસલક્ષી યોજનાઓ, આધારભૂત માળખાના ઉન્નતીકરણ તથા તાજેતરની મહત્વપૂર્ણ સિદ્ધિઓ અંગે માહિતગાર કરતા જણાવ્યું કે મુસાફરોને સુરક્ષિત, સુવિધાજનક અને ગુણવત્તાસભર રેલ સેવાઓ પ્રદાન કરવી મંડળની સર્વોચ્ચ પ્રાથમિકતા છે, તેમજ સમિતિના સભ્યો દ્વારા રજૂ કરાયેલા તમામ વ્યવહારુ અને જનહિતના સૂચનો પર પ્રાથમિકતાના ધોરણે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. બેઠક દરમિયાન પાવર પોઈન્ટ પ્રસ્તુતિ દ્વારા ભાવનગર મંડળની સિદ્ધિઓ અને મુસાફર સુવિધાઓના આધુનિકીકરણ અંગે માહિતી આપવામાં આવી હતી, જેની સામે સમિતિના સભ્યોએ પોતપોતાના વિસ્તારની રેલવે સંબંધિત સમસ્યાઓ, નવી ટ્રેનોના સંચાલન અને સ્ટેશનો પર સુવિધાઓ વધારવા અંગે મહત્વપૂર્ણ સૂચનો રજૂ કર્યા હતા. આ બેઠકમાં ભાવનગર (પૂર્વ)ના ધારાસભ્ય સેજલબેન પંડ્યા, કિરણ એમ. ગાંધી, બૈજુ એસ. મહેતા, મહેન્દ્ર શાહ, ઉપેન્દ્રભાઈ જાની, પારસભાઈ સી. શાહ, ડૉ. આર.સી. ગુપ્તા તથા પ્રવીણસિંહ બી. ઝાલા સહિતના સભ્યો હાજર રહ્યા હતા. કાર્યક્રમના અંતે વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધકે આભાર વિધિ કરી હતી, જ્યારે આ અવસરે અપર મંડળ રેલ પ્રબંધક ઋત્વિક શર્મા સહિત વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# 'MP LEAD ફેલોશિપ'ના યુવાનો સાથે કેન્દ્રીય રાજ્ય મંત્રી બાંભણિયાએ કર્યો પ્રેરણાદાયી સંવાદ

## સમયનો સદુપયોગ અને તણાવમાં સંયમ એ જ સફળ નેતૃત્વની ઓળખ: સુશાસન અને ખાદ્ય સુરક્ષા પર થઈ વિગતવાર ચર્ચા

ભાવનગર,તા.૧

રાજ્યસભા સાંસદ ડૉ. અજીત ગોપછડે દ્વારા શરૂ કરાયેલ 'MP LEAD ફેલોશિપ' અંતર્ગત પસંદગી પામેલા ૪૦ યુવા ફેલોએ કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણિયા સાથે તેમના નવી દિલ્હી સ્થિત આવાસ પર ઔપચારિક સંવાદ કર્યો હતો. આ સંવાદ દરમિયાન યુવાનોએ મહિલા નેતૃત્વ, જાહેર વિતરણ પ્રણાલી , પારદર્શી શાસન અને 'વિકસિત ભારત ૨૦૪૭' વિઝન અંગે ચર્ચા કરી હતી.




કેન્દ્રીય રાજ્ય મંત્રીએ જણાવ્યું કે રાજકારણ એ માત્ર હોદ્દો મેળવવાનું નહીં, પરંતુ છેવાડાના માનવીના જીવનમાં સકારાત્મક બદલાવ લાવવાનું માધ્યમ છે. તેમણે આત્મનિર્ભરતા માટે 'લખપતિ દીદી' અને સ્વસહાય જૂથોનો ઉલ્લેખ કર્યો હતો. આપત્તિ વ્યવસ્થાપન અંગે વાત કરતા તેમણે ઉમેર્યું કે ચોમાસામાં દુર્ગમ વિસ્તારોમાં ત્રણ મહિનાનું એડવાન્સ રાશન પહોંચાડવામાં આવે છે. ઢ્જી પ્રણાલીમાં પારદર્શિતા લાવવા માટે ï-ઁજી મશીન, 'વન નેશન વન રાશન કાર્ડ', 'આશા પોર્ટલ' અને 'મેરા રાશન' એપ જેવા ડિજિટલ સુધારાઓ અમલી કરાયા છે. અંતમાં તેમણે યુવાનોને પ્રામાણિકતા, સમય વ્યવસ્થાપન અને જનસેવાની ભાવના કેળવવા આહ્વાન કર્યું હતું.

# ભાવનગરમાં રૂ. ૩.૪૧ કરોડથી વધુની છેતરપિંડી આચરનાર 'આરંભ ઈન્ડિયા'નો એક આરોપી ઝબ્બે ; GPID એક્ટ ઉમેરાયો

## માસિક ૪ થી ૫ ટકા વળતરની લાલચ આપી રોકાણકારો સાથે આચરેલી ઠગાઈ મામલે એલસીબીએ એક શખ્સને ઝડપી લીધો, હજી એક શખ્સ ફરાર

ભાવનગર,તા.૧

ભાવનગર શહેરના નાગરિકોને વિશ્વાસમાં લઈ અલગ-અલગ રોકાણ સ્કીમો સમજાવી કરોડો રૂપિયાનું રોકાણ મેળવી ઠગાઈ આચરવાના ચર્ચિત ગુન્હામાં એલસીબીની ટીમે છેતરપિંડીના આ ગુન્હામાં સંડોવાયેલા એક આરોપીને ઝડપી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. વધુમાં પોલીસે ગુનામાં ગુજરાત થાપણદારોના હિતોનું રક્ષણ અધિનિયમ, ૨૦૦૩ (GPID Act) ની કલમ-૩ નો ઉમેરો કર્યો છે.

આ ગુન્હાની વિગતો અનુસાર, વર્ષ ૨૦૨૦-૨૧ના સમયગાળા દરમિયાન ભાવનગરના ઘોઘા સર્કલ નજીક આવેલા ગોવર્ધન કોમ્પ્લેક્સમાં ત્રીજા માળે 'આરંભ ઈન્ડિયા' નામે કંપની ચલાવતા હરદિપસિંહ ભગીરથસિંહ ગોહિલ અને તેના ભાઈ બ્રિજરાજસિંહ ગોહિલે અન્ય માણસો રાખીને રોકાણકારોને ટી.વી., ઈલેક્ટ્રોનિક્સ આઈટમ્સના એસેમ્બલીગ તથા ઘરવપરાશની ચીજવસ્તુઓના ઉત્પાદનના વ્યવસાયમાં રોકાણ કરવાથી સારું વળતર મળશે તેવો વિશ્વાસ અપાવ્યો હતો. રોકાણકારોને અલગ-અલગ સ્કીમોમાં માસિક ૪ થી ૫ ટકા વળતર આપવાની લાલચ આપી રોકાણ મેળવ્યા બાદ, શરૂઆતમાં અમુક મહિના સુધી વળતર ચૂકવીને પાકતી મુદતે કુલ રૂ. ૩,૪૧,૬૬,૯૦૦/- ની રકમ પરત ન આપી ઓફિસ બંધ કરીને નાસી છૂટ્યા હતા અને રોકાણકારોને મોટું નાણાકીય નુકસાન પહોંચાડ્યું હતું.

રોકાણકારો સાથે થયેલા આ મોટા વિશ્વાસઘાતના ગુન્હાની ગંભીરતા ધ્યાને લઈ તેની ઊંડાણપૂર્વકની તપાસ એલસીબીના પોલીસ સબ ઈન્સ્પેક્ટર પી.ડી. ઝાલાને સોંપવામાં આવી હતી. એલસીબીની ટીમે આરોપીઓના ઘરે ઝડતી તપાસ કરી ગુન્હાને ઉપયોગી જરૂરી દસ્તાવેજો કબજે કર્યા હતા અને ગણતરીના કલાકોમાં જ મળેલ બાતમીના આધારે બ્રિજરાજસિંહ ઉર્ફે બન્ના ભગીરથસિંહ ગોહિલ (ઉં.વ.૨૩, રહે. ગાયત્રીનગર, ભાવનગર) ની ધરપકડ કરી હતી, જ્યારે મુખ્ય આરોપી હરદિપસિંહ ગોહિલને પકડવાના ચક્ર ગતિમાન કર્યા છે. આ કૌભાંડમાં નાણાં ઓળવી જઈ પાકતી મુદતે રકમ પરત ન આપી હોવાથી પોલીસે ગુનામાં ગુજરાત થાપણદારોના હિતોનું રક્ષણ અધિનિયમ, ૨૦૦૩ (ï્ઢ છર્જ્ઞ) ની કલમ-૩ નો ઉમેરો કર્યો છે. પોલીસ ઈન્સ્પેક્ટર મયુરધ્વજસિંહ એમ. સરવૈયાના માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઈન્સ્પેક્ટર આર.એ. વાઢેર, વી.સી. જાડેજા, પી.ડી. ઝાલા અને સ્ટાફના હિતેશભાઈ મકવાણા તથા બલરાજસિંહ સરવૈયાએ આ સફળ કામગીરી કરી હતી.

આગામી દિવસોમાં ઠગાઈ આચરનારા ઈસમો સામે વધુ આકરા પગલાં ભરવાની તત્પરતા દર્શાવતા ભાવનગર જિલ્લા પોલીસ દ્વારા જાહેર જનતાને અનુરોધ કરવામાં આવ્યો છે કે, જો કોઈ નાગરિકે 'આરંભ ઈન્ડિયા' કંપનીમાં નાણાંનું રોકાણ કર્યું હોય અને રકમ પરત ન મળી હોય, તો તેઓ કાયદેસરની કાર્યવાહી કરાવવા માટે જરૂરી પુરાવાઓ સાથે ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચનો સંપર્ક કરી શકે છે.

# ભાવનગર જિલ્લામાં વિવિધ સામાજિક-આર્થિક સર્વેક્ષણોનો પ્રારંભ

ભાવનગર,તા.૧

ભારત સરકારના આંકડાશાસ્ત્ર અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય હેઠળનું રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર કાર્યાલય (NSO)નું ક્ષેત્ર સંચાલન વિભાગ (FOD) વર્ષ ૧૯૫૦થી ઘરગથ્થુ પરિવારો તથા વિવિધ પ્રતિષ્ઠાનો પાસેથી માહિતી એકત્રિત કરવાની કામગીરી કરી રહ્યું છે. દેશવ્યાપી નમૂના સર્વેક્ષણો દ્વારા એકત્ર કરાયેલી આ આંકડાકીય માહિતી કેન્દ્ર અને રાજ્ય સરકારોને રાષ્ટ્રીય તેમજ રાજ્ય સ્તરે વિકાસ યોજનાઓના ઘડતર અને અસરકારક નીતિ નિર્માણમાં મહત્વપૂર્ણ સહાય પૂરી પાડે છે.

આ જ શ્રૃંખલા આગળ ધપાવતા, રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર કાર્યાલય દ્વારા ૮૧મા રાઉન્ડના સામાજિક-આર્થિક સર્વેક્ષણો અંતર્ગત ૧ જુલાઈ, ૨૦૨૬થી સમગ્ર દેશમાં વિવિધ મહત્વના સર્વેક્ષણો હાથ ધરવામાં આવ્યા છે. જેમાં પરિવારોની સંપત્તિ, દેવું, રોકાણ અને નાણાકીય સ્થિતિ જાણવા માટે અખિલ ભારતીય ઋણ અને રોકાણ સર્વેક્ષણ (AIDIS) યોજાઈ રહ્યું છે. તે જ રીતે, કૃષિ પરિવારોની આવક, ખેતી ખર્ચ, પશુધન અને સરકારી યોજનાઓની પહોંચનું આકલન કરવા માટે સ્થિતિ આકલન સર્વેક્ષણ (SAS) તેમજ રોજગાર, શિક્ષણ કે લગ્ન જેવા કારણોસર થતા સ્થળાંતરની પેટર્ન સમજવા માટે સ્થળાંતર (Migration) સર્વેક્ષણ હાથ ધરાઈ રહ્યું છે. આ ઉપરાંત, દેશમાં પુરાવા આધારિત રોજગાર આયોજન માટે આવર્તક શ્રમબળ સર્વેક્ષણ (PLFS) દ્વારા શ્રમબજારના સૂચકો મેળવવામાં આવી રહ્યા છે, જ્યારે અસંગઠિત ક્ષેત્રના વિકાસ માટે બિન-નિગમિત ક્ષેત્રના ઉદ્યોગોનું વાર્ષિક સર્વેક્ષણ (ASUSE) ચલાવવામાં આવી રહ્યું છે.

આ તમામ સર્વેક્ષણો માટે NSOના પ્રશિક્ષિત અધિકારીઓ વૈજ્ઞાનિક સેમ્પલિંગ પદ્ધતિથી પસંદ કરાયેલા પરિવારો, ગામો, ઉદ્યોગો અને શહેરી બ્લોક્સની પ્રત્યક્ષ મુલાકાત લઈ રહ્યા છે, જેમાં માહિતીની ચોકસાઈ અને સુરક્ષા માટે e-Sigma સોફ્ટવેરથી સજ્જ ડિજિટલ ટેબ્લેટ તેમજ સુરક્ષિત વેબ પોર્ટલનો ઉપયોગ કરાઈ રહ્યો છે. ઘરગથ્થુ વિગતો પરિવારના વડા કે માહિતગાર સભ્ય પાસેથી અને ઉદ્યોગોની વિગતો સંસ્થાના માલિક કે અધિકૃત વ્યક્તિ પાસેથી એકત્ર કરાઈ રહી છે.

ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન NSOના ઉપ પ્રાદેશિક કાર્યાલય, ભાવનગરના અધિકારક્ષેત્ર હેઠળના પસંદ કરાયેલા વિસ્તારોમાં વ્યાપક સર્વેક્ષણ કામગીરી હાથ ધરવામાં આવશે. જેમાં AIDIS અને SAS સર્વેક્ષણ મહુવાના અમૃતવેલ, તળાજાના બેલાડા, ગારિયાધારના માંડાવડા તેમજ વલ્લભીપુર, સિહોર, મહુવા, ગારિયાધાર અને ભાવનગર શહેરોમાં હાથ ધરાશે. સ્થળાંતર સર્વેક્ષણ અંતર્ગત ઘોઘાના ખરકડી, તળાજાના ઊંચડી, ભાવનગરના નાગધણીબા તેમજ અલંગ, ગારિયાધાર અને ભાવનગર શહેરોમાંથી માહિતી મેળવાશે. શ્રમબળ સર્વેક્ષણ (PLFS) માટે ઉમરાળાના ધામણકા, તળાજાના કેરલા અને ભાવનગર શહેરના પરિવારોની પસંદગી કરાઈ છે, જ્યારે બિન-નિગમિત ઉદ્યોગ સર્વેક્ષણ (ASUSE) અંતર્ગત ઢસા, અલંગ, મીઠાપુર અને અવાણિયાના સાહસો આવરી લેવાશે. વધુમાં, રાષ્ટ્રીય ઘરગથ્થુ આવક સર્વેક્ષણ (NHIS) ગારિયાધારના ડામરાળા, ભાવનગરના ભૂતેશ્વર, સિહોરના તાણા અને ઘાંઘળી તેમજ મહુવા અને ભાવનગર શહેરમાં યોજાશે, જ્યારે ગ્રાહક ભાવ સૂચકાંક (CPI) માટે ચોગઠ, વલ્લભીપુર, ખદરપર, તળાજા અને ગોરખી ખાતેથી ભાવ સંબંધિત માહિતી એકત્ર કરાશે. આ રાષ્ટ્રીય મહત્વના અભિયાનમાં NSOના અધિકારીઓને સાચી માહિતી આપી પૂર્ણ સહયોગ આપવા નાગરિકોને અપીલ કરવામાં આવી છે.

# પ્રોહીબીશનના ચાર ગુન્હામાં સાત માસથી ફરાર રીઢો આરોપી ઝડપાયો

ભાવનગર,તા.૧

સોનગઢ પોલીસની ટીમે નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા ચક્ર ગતિમાન કર્યા હતા. તપાસ દરમિયાન હ્યુમન સોર્સ મારફતે મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં પ્રોહીબીશનના અલગ-અલગ ૪ ગુન્હાઓમાં છેલ્લા સાતેક માસથી નાસતા ફરતા આરોપી મહેશભાઈ ઉર્ફે મયલો ધરમશીભાઈ પરમાર (ઉં.વ. ૪૯, રહે. પ્લોટ વિસ્તાર, સોનગઢ, તા. સિહોર, જી. ભાવનગર) ને શોધી કાઢી હસ્તગત કરવામાં સફળતા મળી છે. ઝડપાયેલ આરોપી સામે વરતેજ પોલીસ સ્ટેશનના ૨, હાલોલ રૂરલ પોલીસ સ્ટેશનનો ૧ અને ઘોઘા રોડ પોલીસ સ્ટેશનનો ૧ એમ કુલ ૪ પ્રોહીબીશનના ગુન્હાઓ નોંધાયેલા હતા.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

## સંક્ષિપ્ત સમાચાર

# ભાવનગર મંડળના બે રેલકર્મીઓ ‘મેન ઓફ ધ મન્થ’ એવોર્ડથી સન્માનિત

ભાવનગર,તા.૦૧

પશ્ચિમ રેલવેના મુંબઈ સ્થિત મુખ્યાલય ખાતે આયોજિત સમારોહમાં અસાધારણ સતર્કતા અને કર્તવ્યનિષ્ઠા બદલ ભાવનગર મંડળના બે કર્મચારીઓ સહિત નવ રેલકર્મીઓને "મેન ઓફ ધ મન્થ" સંરક્ષા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે. સન્માનિત કર્મચારીઓમાં ટ્રેક મેન્ટેનર વિજય આત્મારામ અને વરિષ્ઠ સહાયક લોકો પાઈલટ દર્શન ડી. નો સમાવેશ થાય છે. વિજય આત્મારામે ગાંધીગ્રામ-સરખેજ સેક્શન પર નમેલા OHE વાયરને જોઈ તાત્કાલિક ટ્રેન વ્યવહાર રોકાવી હોનારત અટકાવી હતી. જ્યારે દર્શન ડી.એ ભારે વરસાદમાં ટ્રેક પર પડેલા વૃક્ષને જોઈ સમયસર ઈમર્જન્સી બ્રેક લગાવી ટ્રેન રોકી મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરી હતી.



## વલ્લભીપુરમાં બાગાયત ખાતા દ્વારા ખેડૂત શિબિરનું સફળ આયોજન

ભાવનગર,તા.૦૧

બાગાયત ખાતા દ્વારા તા. ૨૮-૦૭-૨૦૨૬ના રોજ વલ્લભીપુર તાલુકામાં ખેડૂત શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતી, બાગાયતી પાકોના વૈજ્ઞાનિક સંચાલન તેમજ સરકારી યોજનાઓનું વિસ્તૃત માર્ગદર્શન અપાયું હતું. નાયબ બાગાયત નિયામક એમ. બી. વાઘમશીએ પ્રાકૃતિક ખેતીના લાભો અને બાગાયતી યોજનાઓ વિશે માહિતગાર કર્યા હતા. નાયબ ખેતી નિયામક જે. એન. પરમારે પ્રાકૃતિક ખેતીના પાંચ આયામો સમજાવી ઉત્પાદન ખર્ચ ઘટાડવા અને જમીનની ફળદ્રુપતા વધારવા અંગે વાત કરી હતી. કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વિષય નિષ્ણાંત પ્રદીપ કયાડાએ જમીન-પાણીના વૈજ્ઞાનિક વ્યવસ્થાપન અને કુદરતી સંસાધનોના સંરક્ષણ પર ભાર મૂક્યો હતો. નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) એસ. બી. વાઘમશીએ ખાતરના વિવેકપૂર્ણ ઉપયોગ, સંતુલિત પોષણ અને ખાતર વિતરણની નવી ‘એફ.એફ.એસ.’ વ્યવસ્થા અંગે માહિતી આપી હતી.

## શેત્રુંજી ડેમ ઓવરફ્લો થતાં પાણી ઉકાળીને વાપરવા તંત્રની અપીલ

ભાવનગર ,તા.૦૧

ભાવનગર શહેરમાં શેત્રુંજી ડેમ અને મહી પરીએજ યોજનામાંથી મળતા પાણીને ફિલ્ટર પ્લાન્ટ ખાતે શુદ્ધ કરીને વિતરણ કરવામાં આવે છે. જળાશયોમાં એકસાથે નવું પાણી મોટા પ્રમાણમાં આવવાના કારણે કાચા પાણીમાં (રો-વોટર) સામાન્ય કરતાં વધુ ડહોળાશ જોવા મળી રહી છે. ભાવનગર મહાનગરપાલિકાના ફિલ્ટર વિભાગ દ્વારા આ પાણીને પૂરતા પ્રમાણમાં ફિલ્ટરેશન પ્રક્રિયા કર્યા બાદ જ શહેરીજનોને સપ્લાય કરવામાં આવી રહ્યું છે. આમ છતાં, સુરક્ષા અને આરોગ્યના ભાગરૂપે ગૃહિણીઓ અને નાગરિકોને થોડા ઘણાં ડહોળાશ વાળા પાણીને ઘરમાં સરખી રીતે ઉકાળીને અથવા ફટકડી ફેરવીને જ ઉપયોગમાં લેવા માટે કાર્યપાલક ઈજનેર (ફિલ્ટર વિભાગ) દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવી છે.

# ટીંબીની સ્વામી નિર્દોષાનંદ હોસ્પિટલની નિઃશુલ્ક આરોગ્ય સેવાઓને શંકરાચાર્યજીએ બિરદાવી

દ્વારકા શારદાપીઠ જગદગુરુ શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતીજી મહારાજની તાજેતરમાં ધોળા મુકામે પધરામણી થઈ હતી. આ પ્રસંગે સ્વામી નિર્દોષાનંદ માનવસેવા હોસ્પિટલ-ટીંબીના સ્થાપક ટ્રસ્ટી બી.એલ. રાજપરાએ વંદનીય જગદગુરુ શંકરાચાર્યજીના દર્શનનો લાભ લીધો હતો.આ મુલાકાત દરમિયાન તેમણે હોસ્પિટલની માહિતી પુસ્તિકા અર્પણ કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.તેમજ પૂજ્ય શંકરાચાર્ય મહારાજને સ્વામી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજ સ્થાપિત હોસ્પિટલ દ્વારા દર્દીઓને પૂરી પાડવામાં આવતી તદ્દન નિઃશુલ્ક (મફત) આરોગ્યસેવાઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. હોસ્પિટલની આ નિઃસ્વાર્થ માનવસેવા વિશે



જાણીને જગદગુરુ શંકરાચાર્ય મહારાજએ ખૂબ જ પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

## લોકકલ્યાણ વિદ્યાલય માઈધારનું થયું સન્માન



ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ પરીક્ષામાં ૧૦૦ ટકા પરિણામ લાવનાર શાળાઓનું મહુવામાં સન્માન યોજાયું. ભાવનગર જિલ્લા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા યોજાયેલ આ કાર્યક્રમમાં લોકવિદ્યાલય માઈધારનું સન્માન થયું. આ કાર્યક્રમમાં લોક સાહિત્યકાર માયાભાઈ આહિરના હસ્તે સન્માન અર્પણ થયું જેમાં સંસ્થાના કાર્યકર્તાઓ પાતુભાઈ આહિર, નિર્મળભાઈ પરમાર, જગદીશભાઈ ડાંગર વગેરે જોડાયાં હતાં.

## શિવકુંજ આશ્રમ જાળિયામાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી



શિવકુંજ આશ્રમ જાળિયામાં ગુરુપૂર્ણિમા પર્વની આસ્થાભેર ઉજવણી થઈ. અહીંયા સંત ગોપાલગીરીબાપુની પૂજન વંદના કરવામાં આવી. વિશ્વાનંદ માતાજી સાથે આશ્રમ પરિવાર દ્વારા સાદગીપૂર્ણ ભાવ સાથે આ ઉજવણી કરવામાં આવી હતી.

## મહુવાના કંટાસરના હુમલા કેસમાં આરોપીને દોઢ વર્ષની સાદી કેદની સજા

ભાવનગર,તા.૦૧

કંટાસર ગામે બાઈક હટાવવા જેવી સામાન્ય બાબતે થયેલી મારામારીના કેસમાં કોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે.

ગત તા.૧૧-૪-૨૦૨૩ના રોજ બસ સ્ટેન્ડ પાસે બાઈક રિપેરિંગ માટે ગયેલા જયસુખભાઈ ગોવિંદભાઈ વિરાસ સાથે આરોપી તુલસી ધીરુભાઈએ બોલાચાલી કરી દોરી તથા લોખંડના પાઈપ વડે હુમલો કર્યો હતો અને વાંસા-છાતિના ભાગે ઈજા પહોંચાડી હડધૂત કર્યા હતા.

આ અંગેનો કેસ મહુવાની ત્રીજા એડિશનલ ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ કોર્ટમાં ચાલી જતાં, સરકારી વકીલ કમલેશભાઈ કેસરીની ધારદાર દલીલો તથા ૧૪ મૌખિક અને ૧૫ દસ્તાવેજી પુરાવા ધ્યાને લઈ ન્યાયાધીશ અતુલકુમાર એસ. પાટીલે આરોપી તુલસીને એક વર્ષની સાદી કેદ તેમજ એટ્રોસિટી એક્ટ હેઠળ વધુ છ માસની સાદી કેદની સજા ફટકારી છે.


### ૧૯૯૦ના દાયકાનું મજબૂત બાંધકામ તોડવામાં મહાકાય જેસીબીના પણ પરસેવા છૂટ્યા

# હાથી મર્યા પછી પણ સવા લાખનોઃ કાળિયાબીડની જૂની ટાંકીના કાટમાળમાંથી મહાપાલિકા મેળવશે 7.30 લાખ !

ભાવનગર,તા.૦૧

ભાવનગરમાં ‘કાળિયાબીડની ટાંકી’ તરીકે જાણીતી પાણીની ટાંકીનો ઉપરનો સ્લેબ આશરે દોઢેક વર્ષ પહેલાં જર્જરિત થઈને તૂટી પડ્યો હતો. તંત્ર દ્વારા અભ્યાસ કર્યા બાદ સ્લેબ નવો બનાવવો ટેકનિકલી મુશ્કેલ જણાતાં, મહાપાલિકા તંત્રએ જૂની ટાંકીને સમૂળગી તોડીને નવી જ બનાવવાનો નિર્ણય અમલમાં મૂક્યો હતો.

સ્થાનિક રહીશોની પાણીની દૈનિક જરૂરિયાત પર અસર ન પડે તે માટે તંત્રએ પ્રશંસનીય આયોજન કરીને પહેલાં નવી ટાંકીનું સર્જન કરી તેને કાર્યરત કરી અને હાલ જૂની ટાંકીનું ડિમોલિશન હાથ ધર્યું છે.આ પાણીની ટાંકીનું નિર્માણ આશરે ૧૯૯૦ના દાયકામાં ગુજરાત પાણી પુરવઠા અને જળ વ્યવસ્થાપન બોર્ડ દ્વારા કરવામાં આવ્યું હતું. એ સમયગાળામાં બાંધકામોમાં ભ્રષ્ટાચાર એટલો ફૂલ્યો-ફાલ્યો ન હતો, જેનું ઉદાહરણ આ ટાંકીની અદભુત મજબૂતાઈ પૂરું પાડે છે. જર્જરિત ગણાવાતી આ ટાંકીનું કન્સ્ટ્રક્શન એટલું મજબૂત સાબિત



થઈ રહ્યું છે કે તેને તોડવા માટે મહાકાય જેસીબી મશીન માટે પણ તે એક મોટો પડકાર બની ગયું છે.

હાલમાં ખૂબ જ ધીમી પણ મક્કમ ગતિએ આ ટાંકીના વિસર્જનનું કામ ચાલી રહ્યું છે. વર્ષો સુધી હજારો લોકોની તરસ બુઝાવનાર આ ટાંકી જતાં-જતાં પણ મહાપાલિકા માટે ફાયદાકારક સાબિત થઈ છે. ટાંકીને તોડીને તેના લોખંડના સળિયા સહિતનો કાટમાળ હટાવવા માટે કોર્પોરેશન દ્વારા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, જે રૂ. ૭.૩૦ લાખમાં મંજૂર થઈ છે. આમ, "હાથી મર્યા પછી પણ લાખનો" એ કહેવત મુજબ જર્જરિત ટાંકીમાંથી પણ મનપાની તિજોરીમાં લાખો રૂપિયાની આવક જમા થવા જઈ રહી છે. પ્રજાની સુવિધા જાળવી રાખીને આવક ઊભી કરવાના તંત્રના આ સુઆયોજિત પ્રયાસો ખરેખર આવકારદાયી ગણાવવામાં આવી રહ્યા છે.!

## મહાપાલિકાના પાંચ ઈજનેરોને બઢતીઃ લીંબોલા બન્યા એડિ. સિટી એન્જિનિયર

### કોર્પોરેશનમાં લાંબા સમયથી અટવાયેલી પ્રક્રિયાને વેગ; ટૂંક સમયમાં બદલીઓની પણ શક્યતા

ભાવનગર,તા.૧

મહાનગરપાલિકાના કમિશનર મીનાની સૂચના અનુસાર મનપાના પાંચ ઈજનેર અધિકારીઓને પ્રમોશન આપવામાં આવ્યું છે.

જેમાં બિલ્ડિંગ વિભાગના કાર્યપાલક ઈજનેર (સિવીલ) રવિરાજ લીંબોલાને એડિશનલ સિટી એન્જિનિયર તરીકે બઢતી આપવામાં આવી છે. આ ઉપરાંત અન્ય ચાર નાયબ કાર્યપાલક ઈજનેરો—એન.બી. વઢવાણિયા, યુ.ડી. ડોડિયા, એફ.એમ. શાહ અને એચ.એસ. ચૌધરીને કાર્યપાલક ઈજનેર તરીકે પ્રમોશન અપાયું છે.

હાલ માત્ર બઢતીના આદેશો કરાયા છે અને કોઈની બદલી કરવામાં આવી નથી, જેથી આગામી દિવસોમાં આંતરિક બદલીઓ થવાની પ્રબળ શક્યતા છે. લાંબા સમયથી અટકેલી બઢતી-બદલીની પ્રક્રિયા શરૂ થતાં હવે અન્ય પાત્ર કર્મચારીઓ પણ પ્રમોશનની રાહ જોઈ રહ્યા છે.

# નિવૃત્ત મેડિકલ ઓફિસરને મરવા મજબૂર કરનાર મહિલાને ૭ વર્ષની સખત કેદ

### ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપી નાણાં પડાવવાનો ખેલ રચ્યો હતો ; મહુવા કોર્ટે ફટકારી આકરી સજા

ભાવનગર,તા.૧

મહુવાના ઓથા ગામેં નિવૃત્ત મેડિકલ ઓફિસરને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી આત્મહત્યા માટે દુષ્પ્રેરણા આપવાના ચકચારી કેસમાં મહુવા કોર્ટે આરોપી મહિલાને ૭ વર્ષની સખત કેદની સજા સંભળાવી છે.

વર્ષ ૨૦૨૧માં નિવૃત્ત થયેલા મેડિકલ ઓફિસર વિજયભાઈ જોગીદાસના સંપર્કમાં આવ્યા બાદ આરોપી મહિલા ગીતાબેન કેશવભાઈ રાઠોડ ઉર્ફે બાયલી તેમને ફોન કરી સતત હેરાન કરતી હતી. મહિલાએ ખોટા બળાત્કાર કેસની ધમકી આપી પૈસાની ઉઘરાણી ચાલુ રાખી હતી. દોઢ લાખ રૂપિયામાં સમાધાન કરાર થયા છતાં મહિલાનો માનસિક ત્રાસ ચાલુ રહેતાં કંટાળીને વિજયભાઈએ તા. ૮-૯-૨૦૨૧ના રોજ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.

આ કેસ મહુવાની કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ કમલેશભાઈ એચ. કેસરીની ધારદાર દલીલો તથા ૧૭ મૌખિક અને ૨૯ લેખિત પુરાવાને ધ્યાને લઈ, એડિશનલ જજ અતુલકુમાર એસ. પાટીલે આરોપી ગીતાબેનને દોષિત ઠેરવી ૭ વર્ષની સખત કેદની સજા ફટકારી છે.

# કચરા કલેક્શનમાં નબળી કામગીરી મામલે ‘ઓમ સ્વચ્છતા’ એજન્સીને મનપાની નોટિસ

### મહાપાલિકાની લાલ આંખ થતાં જ સંચાલકો દોડતા થયા; રાતોરાત વધુ ૨૫ ટેમ્પલ બેલ રસ્તા પર ઉતાર્યા

ભાવનગર,તા.૧

ભાવનગર મહાપાલિકામાં લાંબા સમયથી જમાવટો કરી બેઠેલી કેટલીક એજન્સીઓની નબળી કામગીરી સામે આખરે તંત્રએ લાલ આંખ કરી છે. શહેરના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ડોર-ટુ-ડોર કચરો ઉઘરાવતી ’ઓમ સ્વચ્છતા’ એજન્સીને કચરા કલેક્શનમાં બેદરકારી દાખવવા બદલ કારણ દર્શક નોટિસ ફટકારવામાં આવી છે.

મહાપાલિકા દ્વારા ઓમ સ્વચ્છતા એજન્સીને ટેમ્પલ બેલ મારફતે ઘરે-ઘરેથી કચરો એકત્ર કરવાનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. જોકે, એજન્સી દ્વારા પૂરતા વાહનો કે સ્ટાફ ન રાખવામાં આવતો હોવાની અને સતત નબળી કામગીરી કરાતી હોવાની ફરિયાદો વિભાગને મળી હતી. સ્થાનિકોની વ્યાપક રજૂઆતો બાદ સોલિડ વેસ્ટ વિભાગે કડક વલણ અપનાવી એજન્સી પાસે ખુલાસો માંગ્યો છે.

મનપાની નોટિસ મળતા જ એજન્સીના સંચાલકોમાં દોડધામ મચી ગઈ હતી અને તાબડતોબ ૨૫ નવા ટેમ્પલ બેલ સેવામાં ઉમેરી દેવામાં આવ્યા છે. આગામી દિવસોમાં વધુ વાહનો મુકવાની ખાતરી અપાઈ છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ અનેક ફરિયાદો છતાં કડક કાર્યવાહી ન થતાં મનપાની ભૂમિકા સામે સવાલો ઉઠ્યા હતા, ત્યારે આ નોટિસ બાદ કામગીરીમાં કેટલો સુધારો આવે છે તે જોવું રહ્યું.

## સિંધુનગરના મકાનમાંથી દારૂના ચપટાં મળ્યાં

ભાવનગર,તા.૦૧

શહેરના સિંધુનગર સંત લખીરામ મંદિરની સામેની ગલી નં. ૨માં રહેતા મહેન્દ્ર જેઠાનંદભાઈ બાલચંદાણીના મકાનમાંથી ઘોઘારોડ પોલીસે બાતમીના આધારે તપાસ કરી મકાનમાંથી વિદેશી દારૂના ૩૨૦ ચપટાં કબ્જે કરી મહેન્દ્ર જેઠાનંદભાઈ બાલચંદાણી સામે ગુનો નોંધ્યો હતો.

## દેસાઈનગરમાં કારે અડફેટે લેતા માતા-પુત્રને ઈજા

ભાવનગર,તા.૦૧

શહેરના મહાદેવનગરમાં રહેતા સમીર હુસેનભાઈ મોદને બોરતળાવ પોલીસ મથકમાં કાર ચાલક (જીજે-૦૪-એએક્સ-૧૦૬૫) સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેઓ તેમની મોટર સાયકલમાં તેમના માતાને બેસાડીને નવાપરા જતાં હતા ત્યારે દેસાઈનગર જયગણેશ શો રૂમ પાસે ઉક્ત કારે તેમને બન્નેને અડફેટે લઈ ઈજા પહોંચાડી હતી. આ અંગે બોરતળાવ પોલીસે ગુનો નોંધ્યો છે.

## વિદેશી દારૂની ૧૯ બોટલ સાથે કાળિયાબીડનો શખ્સ ઝબ્બે

ભાવનગર,તા.૦૧

શહેરના જવેલર્સ સર્કલ વિક્ટોરિયા જવાના ગેટ પાસેથી બોરતળાવ પોલીસે બાતમીના આધારે રાજુ ભુપતભાઈ બગદરિયા (રહે.કાળિયાબીડ)ને વિદેશી દારૂની ૧૯ બોટલ સાથે ઝડપી લઈ પુછપરછ કરતા આ દારૂ રામભુવનસિંગ ઉર્ફે આરબી સીંગ (રહે.વડોદરા) વેચાણ માટે લાવ્યો હોવાની કબૂલાત આપતા બન્ને સામે ગુનો નોંધ્યો છે.

# સિહોરમાં કાચું મકાન ધરાશાયી



તસવીર : કૌશિક વ્યાસ

સમગ્ર ભાવનગર જિલ્લાની સાથે સિહોર પંથકમાં પણ છેલ્લા બે દિવસથી વરસાદ પડી રહ્યો છે. જેના કારણે સિહોરના જુના સિહોર વિસ્તારમાં રહેતા નટુભાઈ ઝીણાભાઈ પરમારનું કાચું મકાન અંધરાધાર વરસાદના કારણે ધસી, પડી ગયું છે કોઈ જાનહાનિ થવા પામેલ નથી. ઘરનો સામાન અને ઘરવખરી દબાઈ ગયેલ છે. અને પરિવાર મુશ્કેલીમાં મુકાયો છે.

# ભાવ. અમદાવાદ ટૂંકા માર્ગ પર અકસ્માતમાં આધેડનું મોત

### કાર ચાલકે બાઈકને અડફેટે લેતા ચાલકનું ગંભીર ઈજા થવાથી મોત નીપજ્યું

ધંધુકા,તા.૧

ભાવનગર અમદાવાદ ધોરીમાર્ગ ઉપરધંધુકા-ધોલેરા ત્રણ રસ્તા પાસે મોટર કારેઅડફેટે લેતા સર્જાયેલા અકસ્માતમાં મોટર સાયકલ ચાલક આધેડનું મોત નિપજ્યું હતું. બનાવ અંગે ધંધુકા પલીસે ગુના નોંધી વધુ તપાસ હાથ ધરી છે

પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ત માહિતી અનુસારઉત્તરપ્રદેશના ગોરખપુરના મન્નીપુર ગામે રહેતા અને ધોલેરા ખાતે કન્સ્ટ્રક્શન કંપનીમાં એન્જીનિયર તરીકે નોકરી કરતા વિનયકુમાર પરશોત્તમ રાયે ધંધુકા પોલીસ મથકમાં કાર ચાલક (જીજે-૦૬-એફસી-૯૩૭૩) સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં ગત રોજ બપોરના સમયે ધંધુકાથી ધોલેરા જવાના રસ્તે સરમુબારક જવાના ત્રણ રસ્તા પર વળાંક પાસે તેમના મિત્ર ઈન્દ્રપાલ ગુદુન મૌર્ય (ઉ.વ.૪૯, રહે. આતાપર, ગોરખપુર, ઉત્તરપ્રદેશ)પોતાનુંએમપી-૬૫-એમએફ-૦૨૫૬ નંબરનું મોટર સાયકલ લઈને જતા હતા ત્યારે મોટર કારના ચાલકે તેમની સાથે



તસવીર : રાજેશ પરીખ, ધંધુકા

અકસ્માત સર્જી તેમને ગંભીર ઈજાઓ પહોંચાડતા સારવાર માટે પ્રથમ આરએમએસ હોસિસ્પિટલ ધંધુકા અને બાદમાં વધુસારવાર માટે અમદાવાદ સિવિલ ખાતે રિફર કર્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું. આ અંગે ધંધુકા પોલીસે ગુનો નોંધ્યો છે.

બોટાદ નગરપાલિકા ટેન્ડર નોટિસ

બોટાદ નગરપાલિકા દ્વારા નીચેના કામો માટે સરકારશ્રી ની યોગ્ય શ્રેણીમાં રજીસ્ટ્રેશન ધરાવતા આસામીઓ પાસે થી ઓનલાઈન ટેન્ડરો મંગાવવામાં આવે છે.

| ક્રમ | કામનું નામ (બીજો પ્રયત્ન) | રકમ |
|---|---|---|
| ૧ | બોટાદ નગરપાલિકા વિસ્તારની નગર રચના યોજના નંબર-૨(બીજો પ્રયત્ન)(બોટાદ)નો મુસદ્દો તૈયાર કરી મુસદ્દારૂપ મંજુરી સુધીની તેમજ મંજુર થયેલ યોજના મુજબ અંતિમખંડો તથા ટીપી રોડનાં ડીમાર્કેશન કરવાની કામગીરી. | આઈટમ રેટ |

રસ ધરાવનાર ને ઉક્ત કામ માટે www.nprocure.comપર થી ટેન્ડર ડાઉનલોડ કરી ટેન્ડર માં જણાવ્યા મુજબની તમામ કાર્યવાહીઓ નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

બોનાપા/ટીપી/જાહેરાત/૧૩૩૨/૨૦૨૬

તા. ૩૧/૦૭/૨૦૨૬ ચીફ ઓફીસર, બોટાદ નગરપાલિકા

માહિતી-ભાવ-૪૮૩-૨૬

DR. LATHIYA'S SKIN CLINIC
Dr. Sandip Lathiya
MD, Skin & VD
Dermatologist, Cosmetologist & Dermatosurgeon
ઉપલબ્ધ સારવારો
• ખીલ અને ખીલના ડાઘ
• એલર્જી અને ખંજવાળ
• સફેદ ડાઘ (vitiligo)
• સોરાયસિસ અને એક્ઝિમા
• વાળ ખરવા અને ટાલ પડવી
• ફંગલ ઈન્ફેક્શન
• નખના રોગો
• બાળકો અને મહિલાઓના ચામડીના રોગો
વિશેષ સારવારો
• Laser Hair Removal
• Chemical Peel
• PRP Hair Treatment
• CO2 Laser Treatment
ગ્રાઉન્ડ ફ્લોર, કાર્લટન સ્કેવર, માધવદિપ કોમ્પ્લેક્ષની પાસે, કાળાનાળા, ભાવનગર ગુજરાત-૩૬૪૦૦૧
M. 79841 66946

LEELA NEWS NETWORK P. LTD
ભાવનગર આવૃત્તિ
# સૌરાષ્ટ્ર આસપાસ
સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર
બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫
તા. ૦૧-૦૮-૨૦૨૬, શનિવાર


BLOSSOM WOMEN'S HOSPITAL & MATERNITY HOME
ડૉ. પૂજા ઘોરી લાઠીયા
એમ. એસ. સ્ત્રી રોગ તથા પ્રસુતિ નિષ્ણાત
Dr. Pooja Ghori Lathiya
MS Obstetrics and Gynecology
લેપ્રોસ્કોપિક સર્જન
ઉપલબ્ધ સુવિધાઓ:
• નોર્મલ તથા સિઝેરિયન ડિલિવરી
• સોનોગ્રાફી
• બાળક રહેવામાં તકલીફ
• ગર્ભાશય તથા ગાંઠના ઓપરેશન
• નળીમાં બાળક રહ્યું હોય તે દૂર કરવાની સુવિધા
• જોખમી ડિલિવરી
• ગર્ભાશયના કેન્સરનું રસીકરણ
+91 79843 10939
સરનામું : શોપ નં. ૨૦૪-૨૦૫, બીજો માળ, ઓરનેટ કોમ્પ્લેક્સ, રસોઈ હોટેલ ની નજીક, કાળુભા રોડ, ભાવનગર - ૩૬૪૦૦૧

# ગોહિલવાડમાં સર્વત્ર મેઘમહેર : ૩૦ કલાકમાં અઢીથી પાંચ ઈંચ વરસાદ



તસવીર : ધવલ વાજા

## સિહોર પંથકમાં પાંચ, ભાવનગર શહેર ઉપરાંત પાલીતાણા, મહુવા, વલભીપુર અને ઉમરાળા પંથકમાં ચાર ઈંચ વરસાદ

ભાવનગર,તા.૧

સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતભરમાં ભારેથી અતિભારે વરસાદની હવામાન વિભાગની આગાહીના પગલે સુરત, નવસારી, વડોદરા અને અમદાવાદ સહીત જિલ્લાઓમાં ભુક્કા બોલાવી દેતો વરસાદ પડી રહ્યો છે. અને સર્વત્ર પાણી-પાણી થયેલ છે. ત્યારે ભાવનગર શહેર અને જિલ્લામાં પણ ગઈકાલે સવારથી સતત હળવો ભારે વરસાદ પડી રહ્યો છે. જેના પગલે આજે બપોરના ૧૨ વાગ્યા સુધીમાં જિલ્લામાં અઢીથી પાંચ ઈંચ વરસાદ સતાવાર રીતે નોંધાયો છે. જિલ્લામાં સતત હળવા-ભારે વરસાદના કારણે ધરતીપુત્રો ખુશ ખુશાલ જોવા મળી રહ્યા છે.

રાજ્યના હવામાન વિભાગ દ્વારા રાજયભરમાં ભારેથી અતિભારે વરસાદની આપેલી આગાહીના પગલે ભાવનગર શહેર અને જિલ્લાભરમાં શુક્રવારે સવારથી મેઘ સવારી આવી પહોંચી હતી. અને સતત હળવા-ભારે ઝાપટા શરુ રહ્યા હતા અને આજે શનિવારે પણ વરસાદ શરુ રહ્યો છે. ભારે વરસાદની આગાહીના પગલે રાજ્યના અન્ય જિલ્લાઓની સાથે ભાવનગર શહેર અને જિલ્લાભરની આંગણવાડી, પ્રાથમિક શાળાથી લઈને કોલેજ સુધીના તમામને બે દિવસની રજા જાહેર કરી દેવાઈ હતી. જેના પગલે શાળા-કોલેજો બે દિવસથી બંધ રહી છે.

ભાવનગર શહેરમાં શુક્રવારે સવારથી શરુ થયેલો વરસાદ આજે બપોરે ૧૨ વાગ્યા સુધીમાં ૯૩મી.મી. એટલેકે ૪ ઈંચ જેવો પડી ગયો છે. જોકે સતત હળવો-ભારે વરસાદ પાડવાના કારણે પાણી ભરવાના બનાવો ઓછા બન્યા છે. ભાવનગર શહેર ઉપરાંત સિહોર પંથકમાં બપોર સુધીમાં પાંચ ઈંચ વરસાદ પડ્યો છે. જેમાં સિહોર તથા ઉપરવાસના વરસાદના કારણે ગૌતમેશ્વર તળાવમાં નવા નીર આવ્યા છે. અને સપાટી ૧૭ ફૂટ પહોંચી છે. જયારે ભાવનગર જિલ્લાના મહુવા, પાલીતાણા, વલભીપુર તેમજ ઉમરાળા પંથકમાં ૪ થી સવા ચાર ઈંચ વરસાદ પડ્યો છે. જયારે ઘોઘા, જેસર, તળાજા અને ગારિયાધાર પંથકમાં અઢીથી ત્રણ ઈંચ વરસાદ પડ્યાના સત્તાવાર અહેવાલો મળી રહ્યા છે.

## બોરતળાવમાં ૫ ઇંચ પાણીની આવક
### સીઝનમાં પ્રથમવાર ભીકડા કેનાલ વહેતી થઈ

**શેત્રુંજી ડેમ ત્રીજી વખત છલકાયો, ૧૦ દરવાજા ખુલ્લા; રાજપરા ખોડિયાર ડેમમાં પણ નવા નીરની આવક**

ભાવનગર,તા.૧

ભાવનગર શહેર અને જિલ્લાભરમાં ગઈકાલથી શરૂ થયેલી સચરાચર મેઘમહેરના કારણે નદી-નાળાં છલકાયા છે અને જળાશયોમાં નવા નીરની ધીમી આવક ચાલુ થઈ છે.

શહેરની ઐતિહાસિક ધરોહર સમાન બોરતળાવમાં ગત રાત દરમિયાન પાંચ ઈંચ પાણીનો વધારો નોંધાયો છે. આ સાથે જ ચાલુ સીઝનમાં પ્રથમ વખત ભીકડા કેનાલ વહેતી થઈ છે, જેનાથી તળાવમાં વિપુલ પ્રમાણમાં પાણી આવી રહ્યું છે. આજે બપોરે બોરતળાવની સપાટી ૩૨.૦૨ ફૂટે પહોંચી છે. કુલ ઓવરફ્લો ક્ષમતા ૪૩ ફૂટ છે.

બીજી તરફ, રાજપરાના ખોડિયાર ડેમમાં પણ ૬ ઈંચનો વધારો થતાં સપાટી ૧૪.૦૨ ફૂટે પહોંચી છે, જે ૩૦.૦૬ ફૂટે ઓવરફ્લો થાય છે. જ્યારે પાલિતાણાના શેત્રુંજી ડેમમાં ઉપરવાસમાંથી આવક વધતાં ગત રાત્રે ૨૦ દરવાજા ખોલવામાં આવ્યા હતા, જે સવારે પાણીની આવક ઘટતાં હાલ ૧૦ દરવાજા ખુલ્લા રાખી પાણીનો પ્રવાહ ચાલુ રખાયો છે.

# ઘોઘાસર્કલમાં ખેલાયો ખૂની ખેલ: બોટલ અને છરી વડે તીક્ષ્ણ હુમલામાં ચાર ઈજાગ્રસ્ત, એક યુવક ગંભીર




તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૧

ભાવનગરના ઘોઘાસર્કલ વિસ્તારમાં આવેલી ‘રામ ઓર શ્યામ ડીશ ગોલા’ની દુકાન સામે ગત રાત્રે આશરે સાડા દસ વાગ્યે ડસ્ટબિન પડી જવા જેવી મામૂલી બાબતે બે જૂથ વચ્ચે હિંસક અથડામણ સર્જાઈ હતી. આ લોહિયાળ મારામારીમાં તીક્ષ્ણ હથિયારો અને કાચની બોટલોનો મુક્તપણે ઉપયોગ થતાં બંને પક્ષના કુલ ચાર યુવાનો ઈજાગ્રસ્ત થયા છે, જેમાં એક યુવકની હાલત અત્યંત ગંભીર હોવાથી તેને સર ટી. હોસ્પિટલના ICU ખાતે ઓપરેશનમાં લેવામાં આવ્યો છે.

ઘટનાની મળતી વિગતો અનુસાર, કરચલીયા પરાના રહીશ ધાર્મિક રાજેશભાઈ વાજા (ઉ.વ.૨૦) અને તેનો મિત્ર ક્રિશ ઉર્ફે કુલદીપ ચૌહાણ બર્ગમેન મોટરસાયકલ લઈને ઘોઘાસર્કલ ખાતે આવ્યા હતા. આ દરમિયાન દુકાન સામે રાખેલા ડસ્ટબિન મામલે ગોલાના વેપારી ઈલિયાસભાઈ દાઉદભાઈ બિલખીયા તથા તેમના પુત્રો સાથે ઉગ્ર બોલાચાલી થઈ હતી. પ્રથમ પક્ષના ધાર્મિક વાજાનો આક્ષેપ છે કે બાઈક નીકળતી વખતે અકસ્માતે ડસ્ટબિનને પગ અડી જતાં તે પડી ગયું હતું, જેથી ઉશ્કેરાઈને અકીલ નામના યુવકે ગાળો આપી તેના માથા તથા છાતીના ભાગે શરબતની કાચની બોટલ મારી દીધી હતી અને ક્રિશને પણ કોણીએ ઈજા પહોંચાડી ઢીકાપાટુનો માર માર્યો હતો.સામે પક્ષે ડીશ ગોલાના વેપારી ઈલિયાસભાઈ બિલખીયાએ વળતો આક્ષેપ કર્યો છે કે બાઈક પર આવેલા આ બંને યુવાનોએ ગાળો બોલી સહેતુક ડસ્ટબિનને પાટુ મારી પાડી દીધું હતું. તેનો વિરોધ કરતાં ધાર્મિક અને ક્રિશે પેન્ટના નેફામાંથી છરી કાઢી જાનલેવા હુમલો કરી દીધો હતો, જેમાં ઈલિયાસભાઈના મોટા પુત્ર અકીલના જમણા પડખામાં છરીનો ઘા વાગતાં ખુબ લોહી વહી ગયું હતું, જ્યારે નાના પુત્ર આદિલને ડાબા પગના પંજા પર છરી વાગી હતી.ઘટના બાદ ૧૦૮ એમ્બ્યુલન્સ અને ખાનગી વાહનો મારફતે તમામ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે સર ટી. હોસ્પિટલ ખસેડાયા હતા. આ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા અકીલ બિલખીયાની સ્થિતિ નાજુક જણાતાં તેને ઝેંમાં ખસેડી ઓપરેશન હાથ ધરાયું છે, જ્યારે ધાર્મિકના માથામાં ટાંકા આવ્યા છે. પોલીસે ધાર્મિક વાજાની ફરિયાદ પરથી BNS કલમ ૧૧૮(૧), ૧૧૫(૨), ૩૫૨, ૫૪ તથા જીપીએ ૧૩૫ અને ઈલિયાસભાઈની ફરિયાદ પરથી BNS કલમ ૧૧૮(૨), ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જીપીએ ૧૩૫ મુજબ સામસામા ગુના નોંધી કાયદેસરની તપાસ તેજ કરી છે.

**દુકાને ડસ્ટબિનને પગ અડી જવાની મામૂલી બાબતે બોલાચાલી બાદ લોહિયાળ જૂથ અથડામણ, કાયદા કાનૂનનું અસ્તિત્વ જ ન હોય તેમ બંને જૂથના લોકો એક બીજા પર તૂટી પડયા :રામ ઓર શ્યામ ‘ડીશ ગોલા’ના સંચાલક ઈલિયસભાઈના બંને પુત્રોને છરી વાગી, સામ પક્ષે બે યુવાનોને પણ લોહિયાળ ઈજા**

# બાંભણિયામાં જમીન માપણી અને વાડીએ તકરાર મામલે હિંસક હુમલા, 37 શખ્સો સામે 2 ગુના નોંધાયા

**કારને આંતરી તોડફોડ કરી માર માર્યો; ઘોઘા પોલીસે નામજોગ સહિતના શખ્સો સામે BNSની કલમો હેઠળ કાર્યવાહી હાથ ધરી**

ભાવનગર,તા.૧

ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના બાંભણિયા ગામે જમીન માપણી અને વાડીએ વાહન ખાલી કરવા જેવી બાબતોને લઈને મારામારી, તોડફોડ અને ધમકી આપવાના બે અલગ-અલગ બનાવો બનતા ભારે ચકચાર મચી ગઈ છે. આ હિંસક બનાવો અંગે ઘોઘા પોલીસ મથકમાં કુલ ૩૭ શખ્સોના ટોળા સામે બે અલગ-અલગ ફરિયાદો નોંધાઈ છે.

પ્રથમ બનાવમાં, બુધેલ ગામે રહેતા રોહિતભાઈ લીંબાભાઈ જેતાણીએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમણે બાંભણિયા ગામે ખરીદેલી જમીનની માપણી કરાવી રહ્યા હતા. તે સમયે બાંભણિયાના હાર્દિક રાવ, અજીત રાવ, મહાવીર રાવ અને અન્ય ચાર અજાણ્યા માણસોએ આવીને અપશબ્દો કહ્યા હતા. તે દરમિયાન અજીત અને એક અજાણ્યા શખ્સે તેમને ધોકા વડે માર મારી તેમજ મહાવીર રાવે ફોન પર ગાળો આપીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

બીજા બનાવમાં, બુધેલ ગામના મારુતિનગરમાં રહેતા રાકેશભાઈ મનજીભાઈ ગોરસિયા (ઉ.વ. ૪૩)ના પિતા મનજીભાઈ બાંભણીયા ગામે આવેલી પોતાની વાડીએ કપચીનું વાહન ખાલી કરાવી રહ્યા હતા. તે વખતે મહાવીર રાવ અને તેમની સાથેના શખ્સોએ આવીને "અમારા વિરોધીઓને ગાડી કેમ ખાલી કરવા દો છો?" તેમ કહી બોલાચાલી કરી ધમકી આપી હતી.

આ તકરારની જાણ થતાં ફરિયાદીના મોટાભાઈ, પ્રદીપભાઈ ડોંડા, હિતેશભાઈ લાઠિયા અને ધર્મેશભાઈ વાઘાણી કાર લઈને વાડીએ જઈ રહ્યા હતા. તેઓ બાંભણીયા ગામના પાદરમાં પહોંચ્યા ત્યારે મહાવીર રાવ, અજીત રાવ, ઓમ રાવ, દીશુ રાવ, હાર્દિક પ્રવીણભાઈ, શિવાંગ પ્રવીણભાઈ, મુના, સુભાષ ગંભીરભાઈ, હાર્દિક ભરતભાઈ, સંજય ઉર્ફે સાજો અને ૧૦ અજાણ્યા શખ્સો સહિત ૨૦ના ટોળાએ તેમની કાર રોકી લીધી હતી. ટોળાએ સેન્ટિંગના સળિયા, પાઈપ અને ધોકા વડે કારમાં તોડફોડ મચાવી આશરે ?૨ લાખનું નુકસાન કર્યું હતું અને યુવકોને માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આ અંગે ઘોઘા પોલીસે રાકેશભાઈ ગોરસિયાની ફરિયાદના આધારે બાંભણિયાના ૧૦ નામજોગ અને ૧૦ અજાણ્યા શખ્સો સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૧૧૫(૨), ૧૨૬(૨), ૧૮૯(૨), ૧૯૦, ૧૯૧(૨), ૩૨૪(૫), ૩૧૪, ૩૫૧(૩), ૩૫૨ તેમજ જીપી એક્ટ ૧૩૫ મુજબ અને રોહિતભાઈની ફરિયાદ આધારે અન્ય શખ્સો સામે ગુનો નોંધી આગળની કાનૂની તપાસ હાથ ધરી છે.

# મહુવામાં પોલીસ દ્વારા રૂપિયા અડધા કરોડના વિદેશી દારૂ, બિયરના જથ્થા પર રોલર ફેરવાયુ



રાજ્ય સરકારની ઝીરો ટોલરન્સ નીતિ અન્વયે ભાવનગરના મહુવા ડીવીઝનમાં પકડાયેલા ગેરકાયદેસર દારૂનો નાશ કરાયો હતો. મહુવા વિભાગના ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક રીમા ઝાલા, પ્રાંત અધિકારી અને નશાબંધી વિભાગના અધિકારીઓની હાજરીમાં લાઈટ હાઉસ નજીક પરપ્રાંતિય દારૂ પર રોડ રોલર ફેરવીને સંપૂર્ણ જથ્થો નષ્ટ કરાયો હતો. જેમાં મહુવા ટાઉન પોલીસ સ્ટેશનના ૫૨ ગુન્હાઓનો રૂ. ૫૦.૫૩ લાખની કિંમતનો ૧૦,૮૧૧ બોટલ/ટીન અને ખુંટવડા પોલીસ સ્ટેશનના ૭ ગુન્હાઓનો રૂ. ૧૦,૩૨૯ ની કિંમતનો ૧૩૮ બોટલ/ટીનનો જથ્થો સામેલ હતો. આમ, કુલ ૫૯ ગુન્હાઓમાં પકડાયેલ રૂ. ૫૦,૬૩,૬૨૭ ની કિંમતનો ૧૦,૯૪૪ નંગ દારૂ અને બિયરનો મુદ્દામાલ વિધિવત નાશ કરાયો હતો.

# અમરગઢ ગામે પોલીસ પર જીવલેણ હુમલો કરનાર બીજો શખ્સ ઝડપાયો

**મોડી રાત્રે બાઈક ચેકિંગ દરમિયાન કોન્સ્ટેબલ અને GRD જવાન પર હુમલો કરનાર નિલેશ રબારીની અટકાયત; સોનગઢ પોલીસે કરાવ્યું રિકન્સ્ટ્રક્શન**



ભાવનગર, તા. ૧

સિહોર તાલુકાના અમરગઢ ગામે મોડી રાત્રે બાઈક ચેકિંગની કામગીરી કરી રહેલા પોલીસ કોન્સ્ટેબલ તથા જી.આર.ડી. જવાન પર જીવલેણ હુમલો કરવાની ચકચારી ઘટના સામે આવી હતી. આ મામલે સોનગઢ પોલીસ દ્વારા સઘન કાર્યવાહી કરીને હુમલો કરનાર બીજા આરોપીને પણ ઝડપી પાડી કાયદાનું ભાન કરાવવામાં આવ્યું છે.

મળતી માહિતી મુજબ, અમરગઢ ગામે ફરજ પર તૈનાત પોલીસ કોન્સ્ટેબલ અને ર્ઇઙ્ઘ જવાન દ્વારા થોડા દિવસ પૂર્વે મોડી રાત્રે બાઈક ચેકિંગ કરવામાં આવી રહ્યું હતું. તે દરમિયાન અમિત રબારી અને નિલેશ રબારી નામના બે શખ્સોએ પોલીસ સાથે ઘર્ષણ કરી તેમના પર જીવલેણ હુમલો કર્યો હતો.

ઘટના બાદ સોનગઢ પોલીસ એક્શન મોડમાં આવી હતી અને અગાઉ અમિત રબારીની અટકાયત કરી લેવામાં આવી હતી. જ્યારે બીજો આરોપી નિલેશ રબારી ફરાર થઈ ગયો હતો. સોનગઢ પોલીસે આ ગંભીર ગુનામાં ફરાર નિલેશ રબારીની પણ અટકાયત કરી લીધી છે.

પોલીસ પર હુમલો કરનારા તત્વોમાં કાયદાનો ભય રહે તે માટે સોનગઢ પોલીસે અગાઉ પકડાયેલા અમિત રબારીનું ઘટનાસ્થળે રિકન્સ્ટ્રક્શન કરાવ્યું હતું. ત્યારબાદ હવે ઝડપાયેલા બીજા આરોપી નિલેશ રબારીને પણ અમરગઢ ગામે ઘટનાસ્થળે લઈ જઈ પોલીસ ટીમ દ્વારા રિકન્સ્ટ્રક્શન કરાવીને કાયદાનો પાઠ ભણાવવામાં આવ્યો હતો.

# તળાજાના તલ્લી ગામે જુગાર રમતા ૬ ખેલંદા ઝડપાયા



ભાવનગર,તા.૧

તળાજા તાલુકાના તલ્લી ગામે દાઠા પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફે બાતમીના આધારે દરોડો પાડીને જુગાર રમતા ૬ શખ્સોને ઝડપી પાડ્યા છે.

દાઠા પોલીસનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતો, તે દરમિયાન પો.કોન્સ. દિગ્વિજયસિંહ સહદેવસિંહ (બ.નં-૭૧૭)ને તલ્લી ગામે જુગાર રમાતો હોવાની ચોક્કસ બાતમી મળી હતી. જેના આધારે પોલીસે ત્વરિત દરોડો પાડીને ઘટનાસ્થળેથી જુગાર રમી રહેલા આણંદભાઈ બાબુભાઈ વાસીયા, જયંતીભાઈ વીરાભાઈ શિયાળ, ફીપાભાઈ સવજીભાઈ વાસીયા, રવજીભાઈ રામજીભાઈ વાસીયા, મુન્નાભાઈ ધુસાભાઈ વાળા અને ભયાભાઈ મથુરભાઈ વાસીયાને ઝડપી લીધા હતા.

પોલીસે આરોપીઓ પાસેથી રૂ.૧૦,૫૮૦ની રોકડ રકમ તથા ગંજીપત્તા કબ્જે કર્યા છે. આ સફળ કામગીરીઇન્ચાર્જ પો.ઈન્સ. કે.સી.રેવરના માર્ગદર્શન હેઠળ હેડ.કોન્સ. આર.બી.રાઠોડ, પો.કોન્સ. દિગ્વિજયસિંહ અને પો.કોન્સ. વિપુલભાઈ સહિતની ટીમે પાર પાડી હતી.

**બાતમીના આધારે પોલીસે દરોડો પાડી જુગારીઓને રંગેહાથ પકડ્યા**